# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 3-8-2024 Evening : 7.50 to 8.00
Day : SATURDAY National News

આકાશવાણી- સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, કૃષિ અર્થશાસ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં કહ્યું કે ભારત વૈશ્વિક ખાદ્ય અને પોષણ સુરક્ષા માટે ઉકેલો શોધવામાં વ્યસ્ત
- સર્વોચ્ચ અદાલત દ્વારા આયોજીત લોક અદાલતના સમાપન પ્રસંગે મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચુડે કહ્યું કે સર્વોચ્ચ અદાલતનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને ન્યાય અપાવવાનો છે
- કેરળના વાયનાડમાં બચાવ અને રાહત કામગીરી વચ્ચે પીડિતોના દાવા ઝડપથી મંજૂર કરવા સરકારનો વીમા કંપનીઓને આદેશ
- દિલ્હીમાં સરકારી આશ્રય સ્થાનોમાં થયેલા મોત અંગે માનવ અધિકાર પંચે જવાબ માંગ્યો
- સોમાલિયાની રાજધાની મોગાદીશુમાં થયેલા આત્મઘાતી હુમલામાં 32નાં મોત અને 63 ઇજાગ્રસ્ત

****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM FOOD CONF.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારત એક ખાદ્ય સરપ્લસ દેશ છે અને વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને વૈશ્વિક પોષણ સુરક્ષા માટે ઉકેલો પ્રદાન કરવામાં વ્યસ્ત

છે. તેમણે ખાતરી આપી હતી કે સરકાર ખેડૂતોના જીવનને સુધારવાના ઉદ્દેશ્ય સાથે સુધારા અને પગલાં સાથે કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવી રહી છે. આજે નવી દિલ્હીમાં કૃષિ અર્થશાસ્ત્રીઓની **32**મી આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, કૃષિ એ સરકારની આર્થિક નીતિનું કેન્દ્ર છે. તેમણે કહ્યું કે, ભારત બાજરી, દૂધ, કઠોળ અને મસાલાનો સૌથી મોટો ઉત્પાદક છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત રાસાયણિક મુક્ત કુદરતી ખેતીને પ્રોત્સાહન આપી રહ્યું છે. તેમણે કહ્યું કે, કેન્દ્રીય બજેટ **2024-25**માં ટકાઉ કૃષિ પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, ભારત કૃષિ ક્ષેત્રમાં ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે અને પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ, એક ક્લિક દ્વારા દસ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવે છે.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે કૃષિ અર્થશાસ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં લગભગ **75** દેશોના લગભગ એક હજાર પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. આ વર્ષની કોન્ફરન્સની થીમ છે - સસ્ટેનેબલ એગ્રી-ફૂડ સિસ્ટમ્સ તરફ પરિવર્તન.

આ પ્રસંગે બોલતા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, પ્રધાનમંત્રી  મોદીના નેતૃત્વમાં ભારતનો કૃષિ વિકાસ દર વિશ્વમાં સતત સૌથી વધુ રહ્યો છે.

## SC CJI

સર્વોચ્ચ અદાલતની **75**મી વર્ષગાંઠ નિમિત્તે **29**મી જુલાઇથી સર્વોચ્ચ અદાલતમાં યોજાયેલ વિશેષ લોક અદાલતનું આજે  સમાપન થયું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ અને મુખ્ય ન્યાયામૂર્તિ ડીવાય ચંદ્રચુડે ભાગ લીધો હતો.

આ પ્રસંગે મુખ્ય ન્યાયામૂર્તિએ કહ્યું કે, સર્વોચ્ચ અદાલત ભલે દિલ્હીમાં હોય પરંતુ તે આખા દેશની છે સર્વોચ્ચ અદાલતની સ્થાપનાનો હેતુ લોકો માટે ન્યાય સુલભ બનાવવાનો હતો. તેનો ઉદ્દેશ્ય લોકોને ન્યાય મળે અને ન્યાય દરેકના ઘર સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાનો હતો.

મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું કે, એ ચિંતાનો વિષય છે કે ઘણી વખત લોકો કાયદાકીય પ્રક્રિયાથી એટલા કંટાળી જાય છે કે તેઓ કોઈપણ પ્રકારનું સમાધાન કરીને અદાલતથી દૂર રહેવા માંગે છે. મુખ્ય ન્યાયમૂર્તિએ એ પણ માહિતી આપી હતી કે, નાલસા એ ગયા વર્ષે 8.1 કરોડ કેસનો નિકાલ કર્યો છે.

આ કાર્યક્રમ દરમિયાન, સર્વોચ્ચ અદાલતે કોરોના કાળ દરમિયાન માતાપિતા બંને ગુમાવનારા 1065 વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રમાણપત્રો આપ્યા, આ દ્વારા તેમને ચાર વર્ષ સુધી દર વર્ષે 45 હજાર રૂપિયા મળશે.

## UTTARAKHAND DISASTER

ઉત્તરાખંડના આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. દેહરાદૂનમાં આજે યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ વરિષ્ઠ સરકારી અધિકારીઓને રાહત કામગીરી ઝડપી બનાવવા નિર્દેશ આપ્યા છે. મુખ્યમંત્રીએ કેદારનાથ પર ક્ષતિગ્રસ્ત ફૂટપાથ પર તાત્કાલિક સમારકામ કરવા જણાવ્યું હતું તેમણે કહ્યું કે યાત્રાળુઓની સુરક્ષા સરકારની પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે આપત્તિમાં નુકસાન પામેલા રસ્તાઓ અને ઈમારતોના સમારકામનું કામ ઝડપથી થઈ રહ્યું છે.

દરમિયાન, રૂદ્રપ્રયાગ જિલ્લાના કેદારઘાટીમાં ભારે વરસાદને કારણે વિવિધ સ્થળોએ ફસાયેલા યાત્રાળુઓ અને સ્થાનિકોને તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડવા માટે રાહત અને બચાવ કામગીરી આજે ત્રીજા દિવસે પણ ચાલુ રહી હતી.

## VAYNAD RESCUE

કેરળમાં, વાયનાડ જિલ્લાના ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોમાં સેના દ્વારા માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કામગીરી ચારી રહી છે. 1,300 થી વધુ બચાવકર્તાઓ અને ભારે મશીનરી અને અત્યાધુનિક સાધનો સાથે આજે 5મા દિવસે સર્ચ ઓપરેશન ચાલુ રહ્યું હતું. આર્મી, એનડીઆરએફ અને અન્ય એજન્સીઓનો સમાવેશ કરતા બચાવ કાર્યકર્તાઓએ વધુ મૃતદેહોને શોધવા માટે અસરગ્રસ્ત વિસ્તારમાં તેમના પ્રયાસો હાથ ધર્યા છે.

સૂચીપારા ખાતે ફસાયેલા બે લોકોને આજે વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા ચુરલમાલા ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ગઈકાલે સૂચીપારા ધોધમાં મૃતદેહો શોધવાની કામગીરી દરમિયાન આ બંનેનો પત્તો લાગ્યો હતો.. આ બંને લોકો એક ખડક પર ચઢી ગયા હતા, જેના કારણે તેમને ઈજા થઈ હતી. ઇજાઓને કારણે તેઓ ખડક પરથી નીચે ઉતરી શક્યા ન હતા. હેલિકોપ્ટર દ્વારા બચાવીને તેમને સારવાર માટે નજીકના મેડિકલ સેન્ટરમાં ખસેડવામાં આવ્યા હતા

દરમિયાન રાહત અને બચાવકામગીરી માટે રડાર સાથેનું AN 32 એરક્રાફ્ટ ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના હિંડન એરપોર્ટથી કાલિકટ એરપોર્ટ પહોંચશે. કેરળ સરકારે ભૂસ્ખલનગ્રસ્ત વાયનાડમાં સઘન શોધ અભિયાન માટે રડાર સાથેના સાધનોની વિનંતી કરી હતી.

## GOVT. INSURANCE COMPNY

સરકારે જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓને કેરળમાં ભૂસ્ખલનની ઘટનાના પીડિતોને તમામ શક્ય સહાયતા આપવા માટે આદેશ આપ્યો છે . વીમા દાવાઓની પ્રક્રિયા ઝડપથી અને ચૂકવણી કરવા માટે પણ વીમા કંપનીઓ સરકારે જણાવ્યું છે.. કેન્દ્રીય નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, LICને PM જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ પોલિસીધારકોના સંબંધમાં દાવાની રકમ ઝડપથી વિતરિત કરવા માટે સૂચના

આપવામાં આવી છે.. મંત્રાલયે જણાવ્યું હતું કે, દાવાની રકમનું ઝડપી વિતરણ કરવા માટે દાવાની પ્રક્રિયા માટે જરૂરી દસ્તાવેજોને વ્યાપકપણે હળવા કરવામાં આવ્યા છે. વીમા કંપનીઓએ વાયનાડ, પલક્કડ, કોઝિકોડ, મલપ્પુરમ અને થ્રિસુર જિલ્લાઓમાં સહાય માટે સંપર્ક વિગતો પ્રદાન કરવા માટે વિવિધ ચેનલો દ્વારા તેમના પોલિસીધારકો સુધી પહોંચવા માટે પ્રયાસો શરૂ કર્યા છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## NHRC - DELHI

રાષ્ટ્રીય માનવાધિકાર પંચે દિલ્હી સરકાર સંચાલિત શેલ્ટર હોમ - આશા કિરણમાં એક મહિનાની અંદર 12 બાળકોના મૃત્યુના અહેવાલ પર દિલ્હીના મુખ્ય સચિવ અને પોલીસ કમિશનરને નોટિસ પાઠવી છે. મીડિયા અહેવાલો પર સુઓ-મોટો સંજ્ઞાન લેતા, પંચે ચાર અઠવાડિયામાં દિલ્હી સરકાર પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે. પંચે અવલોકન કર્યું છે કે અહેવાલો અનુસાર કથિત રીતે મર્યાદા કરતાં વધુ લોકોવાળા આશ્રયસ્થાનોમાં આશ્રિતોના માનવ અધિકારોના ઉલ્લંઘનનો ગંભીર મુદ્દો છે. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ટૂંકા ગાળામાં આટલી મોટી સંખ્યામાં બાળકોના મૃત્યુ અધિકારીઓની બેદરકારી દર્શાવે છે. NHRCએ કહ્યું, સમાચાર માધ્યમોના અહેવાલ અનુસાર, આશ્રયસ્થાનોમાં 500 આશ્રિતોની ક્ષમતા છે પરંતુ હાલમાં આશા કિરણમાં એક હજારથી વધુ લોકો રહે છે.જે ગંભીર બાબત છે.

## NARCO

જમ્મુ-કાશ્મીર સરકારે નાર્કો-આતંકવાદ સાથે સંકળાયેલા હોવાના આરોપમાં છ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. અધિકારીઓએ શનિવારે આ જાણકારી આપી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, પાંચ પોલીસકર્મીઓ અને એક શિક્ષકને ડ્રગના વેચાણ દ્વારા ટેરર ફંડિંગ માં સામેલ થવા બદલ બરતરફ કરવામાં આવ્યા છે, એમ તેમણે કહ્યું કે, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાની આગેવાની હેઠળના વહીવટીતંત્રે આ કર્મચારીઓને બરતરફ કરવા માટે ભારતીય બંધારણની કલમ 311 (2) (સી) નો ઉપયોગ કર્યો છે.

તેમણે કહ્યું કે તેમની તપાસમાં જાણવા મળ્યું છે કે, તેઓ પાકિસ્તાનની આઈએસઆઈ દ્વારા ચલાવવામાં આવતા આતંકવાદી સંગઠનોના નાર્કો-ટેરરિઝમ નેટવર્ક સાથે સાંઠગાંઠ ધરાવતા હતા.

## SHAH - HAR GHAR TIRANGA

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે તમામ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ હર ઘર તિરંગા અભિયાનમાં ફરીથી એ જ ઉત્સાહ સાથે ભાગ લે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, અમિત શાહે લોકોને 9 થી 15 ઓગસ્ટ દરમિયાન ત્રિરંગો ફરકાવવા અથવા પોતપોતાના ઘરોમાં પ્રદર્શિત કરવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું હર ઘર તિરંગા અભિયાન છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ચળવળમાં પરિવર્તિત થયું છે. શ્રી શાહે લોકોને તિરંગા સાથે સેલ્ફી લેવાની અને તેને હર ઘર તિરંગા વેબસાઇટ - harghartiranga.com પર અપલોડ કરવા અપીલ કરી હતી.

## SOMALIYA SHOOTOUT

સોમાલિયાની રાજધાની મોગાદિશુમાં ગઇકાલે થયેલા બીચસાઇડ હોટલ પરના આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ અને ગોળીબારમાં 32 લોકો માર્યા ગયા હતા અને

63 ઘાયલ થયા હતા. અલ-શબાબ, અલ-કાયદા સાથે જોડાયેલા સશસ્ત્ર જૂથ હુમલાની જવાબદારી સ્વીકારી છે. પોલીસ પ્રવક્તા અબ્દીફતાહ અદાન હસને કહ્યું કે સુરક્ષા દળોએ પાંચ આતંકવાદીઓને ઠાર કર્યા છે. હોટલમાં ફસાયેલા નાગરિકોને બહાર કાઢવામાં આવ્યા છે અને સુરક્ષા દળોએ આ વિસ્તારમાં પાર્ક કરેલી વિસ્ફોટક ભરેલી કારને ડિફ્યુઝ કરી છે. વધુ તપાસ હાથ ધરી છે.

સોમાલીના વડાપ્રધાન હસન અલી ખૈરેએ આ કૃત્યની નિંદા કરી અને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા શોક વ્યક્ત કર્યો.

## RAMNATH KOVIND

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે શનિવારે કહ્યું કે, વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત બનાવવામાં યુવા પેઢી મહત્વની ભૂમિકા ભજવશે. પૂર્વ રાષ્ટ્રપતિ કોવિંદ આજે ભારત મંડપમ ખાતે જયપુરિયા ગ્રુપ ઓફ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન્સ દ્વારા આયોજિત 5મા ડૉ. રાજારામ જયપુરિયા મેમોરિયલ લેક્ચરને સંબોધિત કરી રહ્યા હતા.

કોવિંદે કહ્યું કે, આપણો દેશ અમૃત કાલના પ્રારંભિક તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે.